ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૮-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# પ્રમુખ સ્વામી : ધર્મક્ષેત્રની જીવતી જાગતી દંતકથા

મૂળે સાધારણ ખેડૂત પરિવારનું ફરજંત એવા બોચાસમવાસી અક્ષર પુરૂષોત્તમ સંસ્થાના વડા પ.પૂ. ધ.ધૂ. પ્રમુખ સ્વામી મહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયને વૈશ્વિક ઓળખ આપી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આદિ પ્રવર્તક સહજાનંદ અયોધ્યા નજીક છપૈયા ગામમાં જન્મ્યા હતા અને ખૂબ જ નાની વયે બાળ સંન્યાસી બની દેશભરમાં ભ્રમણ કરતા કરતા નીલકંઠ વર્ણી ઈત્યાદિ નામોથી ઓળખાયા પછી સ્વામી સહજાનંદ અને કાળક્રમે 'સ્વામિનારાયણ ભગવાન'ની પ્રતિષ્ઠાએ પહોંચ્યા હતા. ભગવાન સ્વામિનારાયણને એમના આશ્રિતો અને ભક્તો 'સર્વાવતારી' ગણતા હોઈ અન્ય વૈષ્ણવ અવતારો કરતાં પણ એમનો વિશેષ મહિમા થતો રહ્યો છે. શ્રદ્ધાનો વિષય હોય ત્યાં પુરાવાની જરૂર ન રહે, પરંતુ ભગવાન સ્વામિનારાયણે એમના ટૂંકા જીવનકાળમાં જે સમાજ સુધારાનું મહત્ત્વનું કાર્ય કર્યું તે સંત કબીરની કક્ષાનું ક્રાંતિકારી કાર્ય હતું. એમને નીચલી જાતિના લોકો માટે વૈષ્ણવ ધર્મનાં દ્વાર ખોલી નાખ્યાં અને કાઠિયાવાડ જેવા જુનવાણી વિચારો ધરાવતા પ્રદેશમાં રાજા અને રંકને એક પંગતમાં બેસતા કર્યા. ભગવાન સ્વામિનારાયણે શરૂ કરેલી પરંપરા મુજબ એમના વારસ તરીકે અને સંપ્રદાયના વડા તરીકે આચાર્ય રહે તેવી આજ્ઞા હતી. પરંતુ સંતોને ગૃહસ્થજીવન જીવતા આચાર્યના આદેશ મુજબ ચાલવું પડે તેની સામે વિરોધ જાગતાં જે સંતપરંપરા શરૂ થઈ એમાં બોચાસણવાસી અક્ષરપુરૂષોત્મ સંસ્થા કદ અને કાર્ય - ઉભય દૃષ્ટિએ શિરમોર રહી છે. આપણા ગુજરાતી લોકજીવન પર સ્વામિનારાયણ સંપ્રદાયની ઊંડી અસર છે. પરંતુ આમ ગુજરાતી કે જે આ સંપ્રદાયનો આશ્રિત નથી એ પણ પૂ. પ્રમુખ સ્વામી પ્રત્યે અત્યંદ આદર ધરાવે છે. સંપ્રદાયમાં પૂ. પ્રમુખસ્વામી 'બાપા'ના હુલામણા નામે ઓળખાય છે, જો કે ખુદ 'પ્રમુખ સ્વામી' પણ એમનું હુલામણું નામ જ છે. પ્રમુખ સ્વામીના નેતૃત્વ હેઠળ સંપ્રદાયે હરણફાળ ભરી છે. પશ્ચિમના સમૃદ્ધ ખ્રિસ્તી દેશોમાં પ્રમુખ સ્વામી હિંદુ ધર્મનાં પોપ જેવું માનવંતું સ્થાન અને માન ધરાવે છે. પ્રમુખ સ્વામીનું સૌથી યાદગાર પ્રદાન છે દેશવિદેશમાં બનેલાં ભવ્ય સ્વામિનારાયણ મંદિરો. 'અક્ષરધામ' આવાં મંદિરોમાં પાછું શિરમોર સ્થાપત્ય ધરાવતું સર્વાશ્લેષી એકમ છે. ગાંધીનગર ખાતે આવેલ અક્ષરધામ તે ગુજરાતનું મહત્ત્વનું પર્યટન સ્થળ બની રહ્યું છે. આતંકવાદીઓ કોઈ હિંદુ મંદિર પર ત્રાટકવાનો વિચાર કરતા હતા ત્યારે એમની નજર પણ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાનની નજીક આવેલા અક્ષરધામ પર જ ઠરી હતી! ગાંધીનગરના અક્ષરધામથી પણ વધુ દિવ્ય અને ભવ્ય આધુનિક તાજમહાલ જેવું અક્ષરધામ દિલ્હીમાં બંધાવ્યા પછી પ્રમુખ સ્વામીએ ન્યુજર્સીના રોબિન્સ વિલે ખાતે શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર દિવસે હજારો હરિભક્તોની હાજરીમાં વધુ એક અક્ષરધામની પ્રાણપ્રતિષ્ઠા સંપન્ન કરી છે. ૯૩ વર્ષની જૈફ વયે 'બાપા' જે ઉત્સાહથી આ ધર્મકાર્યને આગળ ધપાવી રહ્યા છે તે જોઈને હિંદુ ધર્મને કયારેક 'વિશ્વ ધર્મ' ની પ્રતિષ્ઠા સાંપડશે એવી આશા બંધાયા વિના રહેતી નથી. સમ્રાટ અશોક અને સ્વામી વિવેકાનંદ પછી હિંદુ ધર્મને દુનિયાના ફલક પર મૂકનાર 'ઈસ્કોન'ના સ્થાપક પ્રભુભાદની લગોલગ પ્રમુખ સ્વામીએ પણ ભવિષ્યની દુનિયા યાદ કરશે, એમાં શંકાને સ્થાન નથી.



અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનીટ દ્વારા દત્તક લીધેલ વિસ્તારમાં રક્ષાબંદન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. કે જેમાં તે વિસ્તારના બાળકોને કોલેજની એનએસએસની વિદ્યાર્થીનીઓએ સ્વયં બનાવેલી રાખડી બાંધી હર્ષભેર રક્ષાબંધનની ઉજવણી કરી હતી. સાથે સાથે તેઓ તેમના અભ્યાસમાં ખુબ આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી.



જમ્પરોપ એસોસિએશન ઓફ ગુજરાત દ્વારા મહારાષ્ટ્રના નાશીકમાં યોજાયેલ રાષ્ટ્રકક્ષાની જમ્પરોપ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગુજરાતની ટીમે ૩૩ મેડલ મેળવ્યા હતા. જેમાં આનંદ કાપડિયાનો બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. તસવીરમાં ગુજરાતના ગૌરવસમા ખેલાડીઓ દશ્યમાન થાય છે.

## બીકોમ સેમેસ્ટર-૨ પરિણામ જાહેર નહીં થતાં ચિંતાનું મોજુ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીકોમ સેમેસ્ટર-૨ની પરીક્ષા લીધાને ચાર મહિના કરતા વધુ સમય થઈ ચુક્યો છે તેમ છતાં યુનિવર્સિટી દ્વારા હજી પરિણામ જાહેર ન કરાતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા સત્વરે પરિણામ જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી મે-૨૦૧૪માં બીકોમ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવામાં આવી હતી ત્યારબાદ અત્યારે સેમેસ્ટર-૩નું શિક્ષણ કાર્ય પણ શરૂ થઈ ચુક્યું છે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર ન કરાતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ અંગે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જણાવી રહ્યા છે કે બીકોમ સેમેસ્ટર-૨ની પરીક્ષા લેવામાં આવ્યે ચાર મહિના જેટલો સમય વીતી ચુક્યો છે જો કે તેમ છતાં યુનિવર્સિટી દ્વારા હજી સુધી પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. પરિણામ જાહેર ન થતાં વિદ્યાર્થીઓને આગળના સેમેસ્ટરમાં અભ્યાસ કરવામાં સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે આગામી સેમેસ્ટર ટુંક થવાથી વિદ્યાર્થીઓની પરીક્ષા તૈયારીઓ ઉપર પણ માઠી અસર થાય તેવી શક્યતા છે. બીજી બાજુ આ અંગે ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક કલ્પેન વોરાનો સંકલ્પ કરતા તેમણે જણાવ્યું હતું કે બીકોમની પરીક્ષા મે-૨૦૧૪માં લેવાઈ હતી. સામાન્ય રીતે પરિણામો પરીક્ષા લીધાના બે માસમાં જાહેર કરી દેવામાં આવે છે. કારણ કે બીકોમના અંદાજે ૪૦,૦૦૦ કરાતં વધુ વિદ્યાર્થીઓના પેપર તપાસવામાં સામાન્ય રીતે આટલો સમય થઈ જતો હોય છે તેમ છતાં બીકોમ સેમેસ્ટરનું પરિણામ આગામી એક-બે દિવસમાં જાહેર થઈ જશે.

## વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો પર વક્તવ્ય સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

૧૨મી ઓગસ્ટ ભારતીય અવકાશી સંશોધનના પ્રણેતા ડૉ. વિક્રમભાઈ સારાભાઈની જન્મતિથિ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે સેક્ટર-૨૩ સ્થિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જન્મતિથિ ઉજવણીના ભાગરૂપે આજે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. 'વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ડૉ. વિક્રમ સારાભાઈનો ફાળો' વિષય પર આજે વક્તૃત્વ સ્પર્ધા સરસ્વતી શિશુ માધ્યમિક શાળા, સેક્ટર-૧૭ ખાતે સવારે ૯.૦૦ વાગે યોજાશે. સ્પર્ધામાં ધોરણ-૫ થી ૮ ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

## બાલવાની શાળાનો વેઈટ લિફટીંગ સ્પર્ધામાં વિજય


ગાંધીનગર, તા. ૧૧

તાજેતરમાં ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાકક્ષાની વેઈટ લીફટીંગ સ્પર્ધા બાલવા ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં બાલવા સ્વામિનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ અંડર-૧૭ અને ૧૯ ગૃપમાં વિજેતા બન્યા છે. જેમાં અંડર-૧૭ માં જશ પટેલ, તન્મય ચૌધરી, રૂચિન ચૌધરી, ધવલ ભાટી, સંજય ઠાકોર, દિવ્યાંગ ચૌધરી, વિધિ ચૌધરી, ભૂમિ ચૌધરી, સૂચિ ચૌધરી અને અંડર-૧૯માં અવિનાશ ચૌધરી, જયદિપ ચૌધરી, સાવન ચૌધરી, વિરલ ચૌધરી, નિલમ ચૌધરી, મૈત્રી ચૌધરી, પૂજા ચૌધરી જોડાયા હતા. તમામ ખેલાડીઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે. શાળાના આચાર્ય અને શાળા પરિવારે ખેલાડીઓની સિદ્ધિઓને બિરદાવી છે.

## દશગામ લેઉઆ પાટીદાર વિદ્યાર્થી જોગ

દશગામ લેઉઆ પાટીદાર કેળવણી મંડળ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામાં આવશે. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમણે એસ.એસ.સી., એચ.એચ.સી., સ્નાતક, અનુસ્નાતક, એન્જીનિયરીંગ, મેડિકલ તેમજ અન્ય કોઈપણ અભ્યાસમાં ડીગ્રી મેળવી હોય અને તેની માર્કશીટ નકલ ન મોકલાવી હોય તેવા વિદ્યાર્થીએ તા. ૧૫ ઓગસ્ટ સુધી પ્લોટ નં. ૧૭૨/૨, સેક્ટર-૩-ન્યુ ખાતે મોકલાવવા મંડળ દ્વારા જણાવ્યું છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ તમે જે લોન આપી હતી તેટલી જ લોન ફરીથી આપવી પડશે... યુ નો મારે ચાર બહેન છે... !! અને ફરી આઠમનો તહેવાર આવે છે...!



## જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ સામાન્ય બજેટમાં વિસ્થાપિત કાશ્મીરી લોકોના પુનઃ વસવાટ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૫૦૦ કરોડ**
૨. ૨૦૧૪ સામાન્ય બજેટમાં યંગલીડર્સ પ્રોગ્રામ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૩. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ગંગા સફાઈ ઉપર અભ્યાસ માટે કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૪. ૨૦૧૪ સામાન્ય બજેટમાં જમ્મુ-કાશ્મીરમાં રમત માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૦ કરોડ**
૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં મણીપુરમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં કોમનવેલ્થ ગેમ્સ ટ્રેનિંગ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ઓર્ગેનિક ફાર્મિંગ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૮. ૨૦૧૪ સામાન્ય બજેટમાં પૂર્વોત્તરના રાજયોમાં રેલના વિકાસ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦૦ કરોડ**
૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં નવી દિલ્હીમાં વોટર રિફોર્મ માટે કેટલા કરોડ ફાળવણી કરવામાં ?
➜ **રૂપિયા ૫૦૦ કરોડ**
૧૦. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દિલ્હીમાં વિજળી માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૦ કરોડ**
૧૧. ૨૦૧૪ સામાન્ય બજેટમાં 'નનામી ગંગે' પરિયોજના માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૩૭ કરોડ**
૧૨. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશનાં ઐતિહાસિક સ્થળોના સરંક્ષણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨૦૦ કરોડ**
૧૩. ૨૦૧૪ સામાન્ય બજેટમાં દેશના ધાર્મિક સ્થળના પ્રવાસને વધારવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૧૪. ૨૦૧૪ સામાન્ય બજેટમાં પાંચ ટયુરિસ્ટ સર્કિટ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૫૦૦ કરોડ**
૧૫. ૨૦૧૪ સામાન્ય બજેટમાં નેશનલ પોલીસ મેમોરિયલ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૫૦ કરોડ**
૧૬. ૨૦૧૪ સામાન્ય બજેટમાં ભારતની નદીઓને જોડવા માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦ કરોડ**
૧૭. ૨૦૧૪ સામાન્ય બજેટમાં વન રેંક વન પેન્શન માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૧૦૦૦ કરોડ**
૧૮. ૨૦૧૪ સામાન્ય બજેટમાં વારાસણીમાં વણકરો માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી ?
➜ **રૂપિયા ૫૦ કરોડ**
૧૯. ૨૦૧૪ સામાન્ય બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી છે ?
➜ **રૂપિયા ૨ લાખ ૨૯ હજાર કરોડ**
૨૦. ૨૦૧૪ સામાન્ય બજેટમાં હાઈ-વે નિર્માણ માટે કેટલા કરોડની ફાળવણી કરવામાં આવી હતી ?
➜ **રૂપિયા ૩૭,૦૦૦ કરોડ**

# આપણે કૃષ્ણની માફક નીચેનાં લોકો સાથે તાદાત્મય સાધવાનું છે, સમાજમાં ક્રાંતિ ત્યારે જ થશે, જયારે સમાજનાં ભણેલા-ગણેલા અને ઊંચા સ્તરમાં લોકો સૌથી નીચેના સ્તરના લોકો સાથે આવું તાદાત્મય સાધશે, એમની સાથે એકરૂપ થશે

## વિચારસભા
### શ્રાવણ નીતર્યો સરવડે...
નેહલ જયદીપ ગઢવી

તહેવારોનો આ મહિનો આનંદ, ઉમંગ અને હર્ષભર્યા ગૌરવની લાગણી જનજનમાં પ્રગટાવવા માટે આવી પહોંચ્યો છે. ભક્તિરસમાં તરબળ બની લોકો આનંદપૂર્વક તેની ઉજવણી પણ કરી રહ્યા છે. કુદરતે પણ તેમાં વધુ સાનુકૂળતા કરી આપી છે. મેઘસવારી થોડા વિલંબથી પણ દબદબાભેર આવી પહોંચી ખરી! ધરતીએ સુંદર મજાના લીલા રંગની ચૂંદડી ઓઢી છે! લીલાછમ્મ ઘાસની ચાદરથી ગાંધીનગરમાં તો સૌ કોઈ ઘરઆંગણે જ આ આકર્ષક દર્શન માણી શકે છે! ગાંધીનગર વહીવટી રાજધાની તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું જાણીતું મથક તો છે જે! પણ સાથોસાથ તેને લીલાછમ્મ રાજધાની પણ ચોક્કસપણે કહી જ શકાય! ધીમી ધારે વરસતાં વરસાદે સૃષ્ટિ કહોળી છે. માનવીના મન પર ઉમંગ અને ઉત્સાહથી છલકાતા છે. વરસાદ કયાં કોઈ ભેદભાવ રાખે જ છે? કવિશ્રી બાલમુકુન્દ દવે લખે છે તેમ,

''આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલોજી.
આ કપૂર-કાયા સરી જશે કોઈ ઝીલોજી
પેલા ઊડી ચાલ્યા ધૂપ હો કોઈ ઝીલોજી.
આ જતિસતીનાં તપ રેલે કોઈ ઝીલોજી
પેલા શિવલોચન-અંબાર હો કોઈ ઝીલોજી.''

હવે આપણે આ ઝીલવાની અને પામવાની વાતને જેટલી સમજીએ અને અપનાવીએ તેટલો ભીનો વૈભવ આવી શકે આપણા હિસ્સામાં!

આ સરવરીયા શ્રાવણ માસમાં જ રક્ષાબંધનના પર્વને કારણે એક લીલાછમ્મ સંબંધની સ્મૃતિ પણ તાજી થાય. ભાઈ-બહેનના સંબંધ વઈષે કાવ્યો તો ઘણા લખાયા અને ફકરાઓના ફકરા પણ લખાયા. પરંતુ આ સંબંધની સુવાસ આ સીમાડાઓને ઓળંગીને ફેલાયેલી છે. આજના આ યુગમાં ઔપચારિક સંબંધો વધુ પ્રમાણમાં વિકસતા જાય છે પરંતુ, નિર્દોષ - નિઃસ્વાર્થ સંબંધોનો અભાવ જોવા મળે છે. જો કે, ભાઈ-બહેનના સંબંધની નિર્દોષ અને સહજ ભાવના આ માન્યતાને જાણે મૂળથી જ ફટકારી દે છે! નામ વિનાના સંબંધો અને ઔપચારિકતાને અળગી મુકીને રચતા સંબંધો સદીઓથી સમાજની લાગણીઓને જીવતા રાખવા માટે રચાતા રહ્યા છે, જીવનને વધાવી જીવવા યોગ્ય બનાવી રહ્યા છે. કવિશ્રી ભાગ્યેશ ઝા કહે છે :

''આપણા સંબંધ આપણી વચ્ચે નામ વિનાના!
આપણા દસતા રસ્તા પણ ગામ વિનાના!''

આ માસમાં આવા ઔપચારિકતા સિવાયના ફૂલગુલાબી સંબંધોની ફોરમ પણ અનાયાસે જ રેલાયેલી - ફેલાયેલી રહે છે. માત્ર અનુભૂતિ સૌએ પોતપોતાની રીતે કરવાની રહે!

તહેવારોના આ માસમાં આવતો સૌથી મોટો અને સૌથી ખૂબ માનીતો તહેવાર એટલે જન્માષ્ટમી! જન્માષ્ટમીના તહેવારે જાણે ભક્ત અને ઈશ્વર એકાકાર બની જાય! કૃષ્ણને સૌ કઈ પોતપોતાની રીતે મૂલવે! કોઈ તેને સખાભાવે, તો કોઈ વાત્સલ્યમૂર્તિ સ્વરૂપે કૃષ્ણના દર્શનને ઝંખે છે! કૃષ્ણભક્તિની પરાકાષ્ઠા આ માસમાં જોવા મળે! કૃષ્ણજન્મને વધાવવા માટે સર્વે ભક્તો ભાવ-વિભોર બની રસતરબોળ બની જાય! કોઈ પોતાને મીરા સમજે તો કોઈ રાધા તો કોઈ વળી કૃષ્ણની બંસી બનવાનું સ્વપ્ન સેવે!

''હું મીરા નથી, કે નથી રાધિકા ઓ શ્યામ
એક મોરલી છું મારે તારા અધરોથી કામ!''

કૃષ્ણએ સૌને એવું ઘેલું લગાડયું કે સમગ્ર સંસારની અબાલ-વૃદ્ધ વ્યક્તિઓ કૃષ્ણનું પોતાની સાથેનું અનુસંધાન સાધી શકે છે. કૃષ્ણ જયારે ગોકુળ છોડીને મથુરા ચાલ્યા ગયા ત્યારે સૃષ્ટિ કેવી વેરાન બની ગઈ હશે તેની પ્રતીતિ કવિશ્રી રઘુવીર ચૌધરી કંઈક આવા શબ્દોમાં કરાવે છે...

''પ્રીતછોયાં વાછરડાં ધૂસર સંધ્યામાં ભટકે,
કાલિન્દીને નીર ડૂબવા કદંબ છાયા લટકે...
ગોપી કે ગોવાળ હવે અણજાણ લોક શાં ફરતાં,
વ્યાકુળ મૂગા પડછાયા શાં ધેનુનાં ધણ ચરતાં,
કોક કામળી, કોક બંસરી, કોક અધૂરું ગાન...
બધું ગયું વીસરાઈ, એકલું ટકી ગયું વેરાન!''

કૃષ્ણનું નામ આવે એટલે રાધા યાદ આવે, રૂકમણિજી યાદ આવે અને મીરાબાંઈ પણ યાદ આવે! મીરાંબાઈના પદોમાં કૃષ્ણભક્તિ ચરમસીમાએ પહોંચી ગયાની અનુભીતિ થાય!

''જો તુમ તોડો પિયા, મેં નાહીં તોડું,
તોસોં પ્રીત તોડ, કૃષ્ણ કૌન સંગ જોડું!
મીરાં કહે, પ્રભુ! વ્રજ કે વાસી!
તુમ મેરે ઠાકુર, મૈં તેરી દાસી.''

કૃષ્ણને આમંત્રિત કરવા મીરાંબાઈ કેટલી આજીજી, કેટલા કાલાવાલા કરે છે!

''બંસીવાલા, આજો મોરા દેશ! તારી શામળી સૂરત હદવેશ.
આવન-જાવન કહ ગયે, કર ગયે કોલ અનેક;
ગણતાં - ગણતાં ઘસ ગઈ જીભાં, હારી આંગળીઓની રેખ.
મોર મુગુટ શિર છત્ર બિરાજે, ઘુંઘરવાળા કેશ;
મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, આવોની એણે વેશ''

આજના આ આધુનિક યુગમાં પણ કૃષ્ણ હરહંમેશ સૌના માનીતા જ રહ્યા છે. અબાલ-વૃદ્ધ સૌ ભક્તિભાવપૂર્વક કૃષ્ણની જેવા-પૂજા કરે છે. મનુભાઈ પંચોળી લખે છે કે, ''આ દેશમાં લોકોને કેન્દ્રમાં રાખનાર જે મહાપુરૂષો થઈ ગયા તેમાં શ્રી કૃષ્ણ સૌથી મહાન હદા. સોનાની દ્વારિકામાં રહ્યા છતાં પણ તેઓ વ્રજવાસી ગોવાળિયાને વીસર્યા નહોતા, પોતાની ગાયોને વીસર્યા નહોતા. તેમને સામાન્યજનો તરફથી જે પ્રેમ મળ્યો તે તેમને મહેલાતોમાંથી નથી મળ્યો.''

શ્રી કૃષ્ણનું ચરિત્ર અત્યંત મધુર લાગે છે. કૃષ્ણની કતા કરતા વધુ મધુર કથા ભારતમાં ન સાંભળવા મળી, ન વાંચવા મળી. કૃષ્ણ સમગ્ર ભારતમાં પરમ પ્રિય છે. પૂજ્ય તો છે જ, પણ પ્યારા પણ છે. ભક્તો એમનું ચરિત્ર ગાતાં ને વાગોળતાં કદી થાકતાં નથી. કૃષ્ણ 'ગીતાના' પ્રવક્તા છે અને 'ગીતા' આવે છે. 'મહાભારતમાં' પરંતુ કૃષ્ણનો સંપૂર્ણ પરીચય આપણને 'મહાભારતમાં' નથી મળતો. 'ભાગવતમાં' કૃષ્ણનું ભગવદ્ સ્વરૂપનું ચરિત્ર છે. તે સિવાય કૃષ્ણનું ચરિત્ર જાણવા માટે 'મહાભારતમાં' પાછળથી જોડવામાં આવેલું 'હરિવંશપુરાણ' જોવું પડે. ભારતમાં લોકો 'ગીતાના' કૃષ્ણને એટલા નથી જાણતાં જેટલાં 'ગોપાલકૃષ્ણ'ને જાણે છે. કૃષ્ણ ગોકુળમાં રહીને ગાયો ચરાવતા. એમને ગાયોની સેવાને ઉપાસનાનું સ્વરૂપ આપ્યું. કૃષ્ણ ગોવાળીયાઓ સાથે એટલા એકરૂપ થઈ ગયા હતાં કે આપણે એમને ગોપાલકૃષ્ણ તરીકે જ ઓળખીએ છીએ. ગાયોની સેવા કરનારા, ગાયોનું પાલન કરનારા કૃષ્ણ જ અહીંની અબાલવૃદ્ધ જનતાને અતિ પરિચિત છે...

''ધેનુકાની આંખોમાં જોયા મેં શ્યામ
એને રૂંવે રૂંવે વાંસળી વાગે...''

કૃષ્ણ યોગ-યોગેશ્વર હતાં, પરંતુ પોતાનું સ્થાન એમણે સેવકનું જ માન્યું, કૃષ્ણ લોકોનાં સેવક જ રહ્યાં સૌથી મોટી વાત એ છે કે લોકોએ પણ એમને સ્વક જ માન્યા. જાણે પોતાના દોસ્ત ન હોય! જયારે મહાપુરૂષના મહાપુરૂષત્વનો ખ્યાલ પણ કોઈને ન રહે, ત્યારે એ વસ્તુ તે પુરૂષની સૌથી મોટી મહાનતા છે, નમ્રતાની પરિસીમા છે. આવી મહાનતા કૃષ્ણમાં હતી. પોતે ઈશ્વર હતા, છતાં એમને પોતાને હંમેશા સામાન્ય જ માન્યા. વિનોબા ભાવે લખે છે કે ''આપણે કૃષ્ણની માફક નીચેનાં લોકો સાથે તાદાત્મય સાધવાનું છે. સમાજમાં ક્રાંતિ ત્યારે જ થશે, જયારે સમાજનાં ભણેલા-ગણેલા અને ઊંચા સ્તરમાં લોકો સૌથી નીચેના સ્તરના લોકો સાથે આવું તાદાત્મય સાધશે, એમની સાથે એકરૂપ થશે.'' કવિશ્રી કરસનદાસ માણેક માટે જ લખે છે કે,

''એક દિન આંસુભીના રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!
પચરંગી ઓચ્છવ ઊછળ્યો'તો અન્નકૂટની વેળા :
ચાંદીની ચાખડીઓ ચડી ભક્ત થયા'તા ભેળા!
શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતી :
શત શગ કંચન આરતી હરિવર - સંમુખ નર્તન્તી.
દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના રડવડતા,
દેવદ્વારની બહાર ભટકતા ટુકડા કાજ ટટળતા,
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!''